RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 06 * Date: 24.10.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## 'ભારત-ચીનના સંબંધો વૈશ્વિક શાંતિ માટે જરૂરી', : મોદી



રશિયાના કઝાન શહેરમાં બ્રિક્સ સમિટનો આજે બીજો દિવસ છે. આ સમિટમાં આજે લગભગ પાંચ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બંને દેશ વચ્ચે અંદાજિત એક કલાક સુધી બેઠક ચાલી હતી. વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટીના સંઘર્ષ બાદ બંને દેશો વચ્ચેના મતભેદો વધુ ઘેરા બન્યા હતા. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે લદ્દાખમાં ન્છઝ પર ભારત અને ચીન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા વિવાદનો ઉકેલ આવી ગયો છે. હવે બંને દેશો સબંધોમાં આવેલી ખાટાશને દૂર કરવા તરફ આગળ વધી રહ્યા છે. જિનપિંગ સાથે મુલાકાત અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત અને ચીનના સંબંધો વૈશ્વિક શાંતિ માટે જરૂરી છે. દુનિયા માટે આપણાં સંબંધો મહત્વના છે. શાંતિ અને સ્થિરતા આપણી પ્રાથમિકતા છે. આપણે ખુલ્લા મનથી વાત કરીશું. એકબીજા પર ભરોસો સંબંધોનો આધાર બને. એકબીજાનું સન્માન થવું જોઈએ. બોર્ડર પર સહમતિનું સ્વાગત છે.'પીએમ મોદી અને શી જિનપિંગ વચ્ચે છેલ્લી ઔપચારિક મુલાકાત ઓક્ટોબર ૨૦૧૯માં તમિલનાડુના ઐતિહાસિક શહેર મહાબલીપુરમમાં થઈ હતી. આ પહેલા મંગળવારે વડાપ્રધાન મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. પીએમ મોદીએ ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન સાથે પણ મુલાકાત કરી હતી.

આ પહેલા પીએમ મોદીએ બ્રિક્સ શિખર સમ્મેલનને સંબોધિત કરી વિશ્વને શાંતિનો સંદેશ આપ્યો છે. પીએમએ કહ્યું હતું કે, 'આજની બેઠકના શાનદાર આયોજન માટે હું પ્રમુખ પુતિનનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. હું ખૂબ જ ખુશ છું કે આજે આપણે વિસ્તૃત બ્રિક્સ પરિવાર તરીકે પ્રથમ વખત મળી રહ્યા છીએ. બ્રિક્સ પરિવાર સાથે જોડાયેલા તમામ નવા સભ્યો અને સાથીઓનું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.'વડાપ્રધાન મોદીએ આગળ કહ્યું હતું કે, 'છેલ્લા એક વર્ષમાં રશિયાની સફળ અધ્યક્ષતા માટે પ્રમુખ પુતિનને અભિનંદન પાઠવું છું. મિત્રો આપણી બેઠક એક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વ યુદ્ધો, સંઘર્ષો, આર્થિક અનિશ્ચિતતા, ક્લાયમેટ ચેન્જ, આતંકવાદ જેવા અનેક પડકારોથી ઘેરાયેલું છે. વિશ્વમાં ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમને તોડવાની વાત થઈ રહી છે. મોંઘવારી નિવારણ, અન્ન સુરક્ષા, ઊર્જા સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, જળ સુરક્ષા એ તમામ દેશો માટે પ્રાથમિકતાના વિષયો છે અને ટેકનોલોજીના યુગમાં સાયબર સુરક્ષા, ડીપ ફેક, ફેક ન્યૂઝ વગેરે નવા પડકારો બની ગયા છે. આવી સ્થિતિમાં બ્રિક્સને લઈને ઘણી અપેક્ષાઓ છે.'આ દરમિયાન વડાપ્રધાન મોદીએ યુદ્ધનો મુદ્દો પણ છેડ્યો. તેમણે કહ્યું કે, 'અમે યુદ્ધ નહી, વાતચીત અને વ્યૂહનીતિનું સમર્થન કરીએ છીએ અને જે રીતે આપણે સાથે મળીને કોવિડ-૧૯ જેવા પડકારને હરાવ્યો છે. એવી જ રીતે અમે ભાવિ પેઢીઓ માટે સુરક્ષિત, મજબૂત અને સમૃદ્ધ ભવિષ્ય માટે નવી તકો ઊભી કરવામાં સંપૂર્ણ રીતે સક્ષમ છીએ.

## મુસ્લિમ પુરુષોના એકથી વધુ લગ્નની નોંધણી અંગે હાઈકોર્ટનો મહત્ત્વનો નિર્ણય

મુસ્લિમ પુરુષોના એકથી વધુ લગ્નની નોંધણી અંગે હાઈકોર્ટે મહત્ત્વનો નિર્ણય સંભળાવ્યો છે. બોમ્બે હાઈ કોર્ટે ત્રીજી પત્ની સાથેના લગ્ન રજિસ્ટર કરવા ઈચ્છતા શખસના કેસમાં કહ્યું છે કે, મુસ્લિમ શખસ એકથી વધુ લગ્ન રજિસ્ટર કરાવી શકે છે કેમ કે તેમના પર્સનલ લોમાં એકથી વધુ લગ્નને પરવાનગી છે.

અલ્ગેરિયાની મહિલા સાથેના ત્રીજા લગ્નની નોંધણી કરાવવા મુસ્લિમ શખસે ફેબ્રુઆરીમાં કરેલી અરજી પર નિર્ણય લેવા થાણે મહાપાલિકાના ડેપ્યુટી મેરેજ રજિસ્ટ્રેશન ઓફિસને ૧૫ ઓક્ટોબરે નિર્દેશ આપવામાં આવ્યો છે. દંપતીએ અરજીમાં મેરેજ સર્ટિફિકેટ જારી કરવાનો નિર્દેશ માગ્યો હતો અને દાવો કર્યો હતો કે તેમની અરજી ત્રીજા લગ્ન હોવાથી ફગાવાઈ છે. મહારાષ્ટ્ર, રેગ્યુલેશન ઓફ મેરેજ બ્યુરો અને રજિશન ઓફ મેરેજ એક્ટ હેઠળ લગ્નની વ્યાખ્યા એક જ લગ્ન તરીકેની હોવાથી રજિસ્ટ્રેશન નકારાયું હતું.

કોર્ટે જોકે ગેરસમજણ હોવાનું જણાવીને સ્પષ્ટ કર્યું હતું કે કાયદાની આખી યોજનામાં મુસ્લિમ શખસને ત્રીજા લગ્નની નોંધણીથી બાદ કરવાનું ક્યાંય નથી જણાવાયું. પર્સનલ લો હેઠળ તેમને ચાર પત્ની કરવાની છૂટ છે. આજ ઓથોરિટીએ બીજી પત્ની સાથેના લગ્નની નોંધણી કરી હોવાની પણ કોર્ટે નોંધ કરી હતી. કોર્ટે અરજદારોને તમામ દસ્તાવેજો બે સપ્તાહમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. ત્યાર બાદ થાણેની સંબંધીત ઓથોરિટીએ સુનાવણી કરીને રજિસ્ટ્રેશન કરવા અથવા નહીં કરવાનું કારણ દસ દિવસમાં આપવાનું રહેશે.

કોર્ટે દંપતીને તમામ જરૂરી દસ્તાવેજો બે અઠવાડિયામાં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો છે. દસ્તાવેજો મળ્યા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૦ દિવસમાં લગ્નનું પ્રમાણપત્ર આપવા અથવા વ્યક્તિગત સુનાવણી પછી તેનો અસ્વિકાર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ત્યાં સુધી મહિલા વિરુદ્ધ કોઈપણ કડક કાર્યવાહી કરવામાં આવશે નહીં, જેનો પાસપોર્ટ મે મહિનામાં સમાપ્ત થઈ ગયો છે.

## શ્રીકૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદીત કેસ મામલે હાઈકોર્ટે મુસ્લિમ પક્ષને આપ્યો ઝટકો



શ્રી કૃષ્ણ જન્મભૂમિ - મથુરાના શાહી ઈદગાહ વિવાદ મામલે અલાહાબાદ હાઈકોર્ટે બુધવારે મુસ્લિમ પક્ષના રિકોલ પર કોર્ટે ચુકાદો આપ્યો હતો અને રિકોલ અરજી ફગાવી દીધી. મુસ્લિમ પક્ષે ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ના આદેશને પડકારતી રિકોલ અરજી દાખલ કરી હતી.૧૫ અરજીઓ પર રિકોલ અરજી દાખલ કરવામાં આવી હતી. આ પહેલા ૧૬ ઓક્ટોબરે અલ્હાબાદ હાઈકોર્ટે આ કેસની સુનાવણી કરતાં પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ મયંક કુમાર જૈનની સિંગલ બેન્ચે ચુકાદો આપતાં કહ્યું કે, હાઈકોર્ટ તમામ ૧૫ કેસની એકસાથે સુનાવણી કરશે. જ્યારે તમામ દાવાઓને અલગથી સાંભળવાની મુસ્લિમ પક્ષની માંગને હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

જસ્ટિસ મયંક કુમાર જૈનના નિર્ણયથી હિન્દુ પક્ષે રાહતનો શ્વાસ લીધો છે. આ કેસ શાહી ઈદગાહ મસ્જિદના માળખાને હટાવીને જમીનનો કબજો તેમજ મંદિરના પુનઃનિર્માણની માગણી સાથે દાખલ કરવામાં આવ્યો હતો.આ કેસ મુગલ બાદશાહ ઔરંગઝેબના જમાનાની શાહી ઈદગાહ મસ્જિદ સાથે સંબંધિત છે. આરોપ એવો છે કે, ભગવાન શ્રી કૃષ્ણના જન્મસ્થળ પર બનેલા મંદિરને તોડીને શાહી ઈદગાહ મસ્જિદ બનાવવામાં આવી છે.અલ્હાબાદ હાઈકોર્ટમાં હિન્દુ પક્ષ તરફથી અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં શાહી ઈદગાહ મસ્જિદની જમીન હિન્દુઓનો અધિકાર હોવાનું જણાવવામાં આવ્યું હતું. અરજીમાં શાહી ઈદગાહ મસ્જિદની જમીન પર પૂજા કરવાની મંજૂરી આપવાની માંગ કરવામાં આવી છે.મુસ્લિમ પક્ષે વકફ એક્ટનો ઉલ્લેખ કર્યો છે. મુસ્લિમ પક્ષે હિંદુ પક્ષની અરજીને ફગાવી દેવા માટે કોર્ટને અપીલ કરી છે.હાઈકોર્ટે આ કેસની સુનાવણી કરતાં કહ્યું હતું કે, હિંદુ પક્ષની અરજીઓ ઈદગાહમાં માલિકી હક્કોને લઈને સુનાવણી યોગ્ય છે. કોર્ટે કહ્યું કે, આ મામલે સુનાવણી ચાલુ રહેશે. કોર્ટે મુસ્લિમ પક્ષની રિકોલ પિટિશનને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણય બાદ હવે આ કેસમાં ટ્રાયલ શરુ થશે. હિન્દુ પક્ષનું કહેવું છે કે ઈદગાહનો અઢી એકર જગ્યા સંપૂર્ણ રીતે ભગવાન કૃષ્ણનું ગર્ભગૃહ છે. શાહી ઈદગાહ મસ્જિદ કમિટી પાસે આ જમીન સંબંધિત કોઈ રેકોર્ડ કે દસ્તાવેજો નથી.

## પ્રિયંકા ગાંધીએ નોંધાવી વાયનાડથી ઉમેદવારી તો સોનિયા ગાંધીએ કરી દીધી મોટી ભવિષ્યવાણી

કોંગ્રેસના મહિસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે કેરળની વાયનાડ લોકસભા બેઠક પર યોજાનારી પેટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે. આ દરમિયાન તેમની સાથે તેમના માતા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાજર રહ્યા હતા. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા સોનિયા ગાંધીએ પ્રિયંકા ગાંધી માટે મોટી ભવિષ્યવાણી કરી દીધી. તેમણે કહ્યું કે, 'પ્રિયંકા ગાંધી મોટા માર્જિનથી જીતશે.' તમને જણાવી દઈએ કે, રાહુલ ગાંધીએ અમેઠી અને વાયનાડ એમ બે લોકસભા બેઠકોમાંથી વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે. વાયનાડ લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર તરીકે પ્રિયંકા ગાંધીએ ઉમેદવારી નોંધાવીને પોતાની ચૂંટણી ઈનિંગની



શરૂઆત કરી અને આ પ્રસંગે તેમણે કહ્યું કે, મને રાજકારણમાં ૩૫ વર્ષનો અનુભવ છે. કારણ કે હું ૧૯૮૯માં મારા પિતા રાજીવ ગાંધી સાથે ૧૭ વર્ષની ઉંમરમાં પ્રથમ વખત ચૂંટણી પ્રચાર અભિયાનમાં સામેલ થઈ હતી.વાયનાડ લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવતા પહેલા કાલપેટ્ટામાં એક વિશાળ જનસભાને સંબોધિત કરતા પ્રિયંકાએ કહ્યું કે, 'હું૧૯૮૯માં પિતા રાજીવ ગાંધી સાથે ચૂંટણી પ્રચારમાં સામેલ થઈ હતી, ત્યાર બાદથી ૩૫ વર્ષોમાં મેં મારી માતા સોનિયા ગાંધી, ભાઈ રાહુલ ગાંધી અને અન્ય સહયોગીઓ માટે પ્રચાર કર્યો છે.'કોંગ્રેસ મહાસચિવે એમ પણ કહ્યું હતું કે,' વાયનાડના લોકોનું પ્રતિનિધિત્વ કરવા માટે મને ઉમેદવાર બનાવવામાં આવી તે માટે હું ખુદને સમ્માનિત અનુભવી રહી છું.' મંગળવારે રાત્રે પોતાની માતા અને કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી સાથે વાયનાડ પહોંચેલી પ્રિયંકાએ પોતાના ભાઈ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે કાલપેટ્ટાના નવા બસ સ્ટેન્ડથી રોડ શોનું નેતૃત્વ કર્યું હતું.આ રોડ શો દરમિયાન પ્રિયંકાના પતિ રોબર્ટ વાડ્રા, કોંગ્રેસ અનૈંસ્ના વરિષ્ઠ નેતાઓ ખુલ્લા વાહનમાં તેમની સાથે હતા.

## ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશીના સમાચાર, દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી, પરંતુ તે દિવસે પણ રજા જાહેર કરાઈ છે.

## માણસા એપીએમસીમાં મુહૂર્તમાં મગફળીનો ભાવ ૧૨૪૫ બોલાયો

માણસા વિસ્તારમાં આ વખતે ખેડૂતોએ અન્ય પાકને બદલે મગફળીનું વાવેતર વધુ પ્રમાણમાં કર્યું છે અને તેમને આ વખતે સારા ભાવ મળે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. ત્યારે માણસા એપીએમસી માર્કેટ યાર્ડમાં આજથી મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રથમ દિવસે ૩૬૬ બોરીની આવક થઈ હતી. દિવાળી નજીક હોવાથી ખેડૂતોને મગફળીની ખરીદી નજીકના માર્કેટયાર્ડમાં શરૂ કરવામાં આવતા ખુશી જોવા મળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આજ રોજ સોમવારે માણસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના માર્કેટ યાર્ડમાં મગફળીની હરાજીનું કામકાજ શરૂ કરવામાં આવેલ જેમાં એપીએમસીના ચેરમેન માધુભાઈ જે. પટેલ, વા.ચેરમેન અને વેપારી બી.કે.પટેલ તેમજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સભ્યો, કમિશન એજન્ટોને મગફળી લેવાવાળા વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉંચામાં મુહુર્તના ભાવ ૧૨૪૫ પાડેલ હતા. સરેરાશ ભાવ રૂ.૧૧૭૦ની આસપાસ હતા. તેમજ આવક મુહુર્તમાં લગભગ ૩૬૬ બોરીની આસપાસ હતી. દિવાળી સામે આવતી હોવાથી મગફળીની ખરીદી શરૂ કરાતાં ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ દેખાતો હતો. આ વખતે માણસા તાલુકામાં ખેડૂતોએ અન્ય ચોમાસુ વાવતેરમાં કાપ મુકીને મગફળીની વધારે પ્રમાણમાં વાવણી કરેલ છે. તેથી ખેડૂતો સરકાર પણ ટેકાના ભાવે ખરીદી કરે માગણી કરી રહેલ છે.

## તંત્રી સ્થાનેથી..

# સપ્ટેમ્બરમાં રિટેલ વેચાણમાં પાંચ ટકા વધારોઃ સૌથી વધુ વૃદ્ધિ ફૂડ તથા ગ્રોસરીમાં

મુંબઈ : વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં દેશમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધારો જોવા મળ્યો છે જ્યારે દશેરા - દિવાળીના તહેવારોને કારણે ઓકટોબરમાં વેચાણમાં વધારો જોવા મળવા અપેક્ષા છે.

રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય)ના સુત્રોના જણાવ્યા પ્રમાણે દેશના ઉત્તર વિસ્તારમાં રિટેલ વેચાણમાં ગયા મહિને સાત ટકા વધારો થયો હતો જ્યારે પશ્ચિમ તથા દક્ષિણ ભારતમાં દર પાંચ ટકા રહ્યો છે તથા પૂર્વ ભારતમાં વેચાણમાં ચાર ટકા વૃદ્ધિ રહી છે.

સેગમેન્ટ પ્રમાણે સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૧૨ ટકા સાથે ફૂડ અને ગ્રોસરીમાં જોવા મળી હતી. ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ જ્વેલરીના વેચાણમાં આઠ ટકા વધારો થયો હતો. એકંદરે ભારતનું અર્થતંત્ર મજબૂત છે અને રિટેલ ક્ષેત્ર માટે સ્થિતિ સાનુકૂળ છે એમ રાયના સીઈઓ કુમાર રાજાગોપાલને એક યાદીમાં જણાવ્યું હતું.

એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં મંદ રહ્યા બાદ ઓકટોબરમાં તહેવારોને ધ્યાનમાં રાખતા રિટેલ વેચાણમાં વૃદ્ધિ જોવા મળવાની તેમણે આશા વ્યકત કરી હતી.

## અમદાવાદ નકલી કોર્ટ કેસઃ કોર્ટે નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના ૧૧ દિવસના રિમાન્ડ કર્યા મંજૂર

ગુજરાતમાં કરોડોની જમીન પચાવી પાડવા ઊભી કરાઈ નકલી કોર્ટ અને બની બેઠેલા જજ મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિનનો કેસ હાલ ચર્ચામાં છે, ત્યારે સમગ્ર મામલે નકલી લવાદ મોરિસને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે નકલી જજના ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આરોપી કથિત એડવોકેટ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયને અમદાવાદમાં બૉગસ આર્બિટ્રેશન ઉભુ કરીને બાકાયદા કોર્ટ, જજ અને વકીલ, ક્લાર્ક, બેલીફ રાખી પાલડી ખાતેની સરકારી જમીનનો હુકમ કરતો હતો.

# રાવણ અને રેઇનકોટ? દહેગામે દેશને દિશા ચીંધી !

'આણે ઉપાડો લીધો છે.' રાજુ રદીએ ફરિયાદ કરી. રાજુની ફરિયાદ મોંમાથા વગરની. માનો કે તારીખ લખ્યા વગરનો બેરર ચેક . જો કે,તેના ચહેરા પર પરેશાની સાફ સાફ દેખાતી હતી.રાજુ આકળવિકળ હતો.

'રાજુ, આણે એટલે કોણે?' મેં સામે સવાલ કર્યો.

'આણે એટલે રાવણે?' રાજુએ જવાબ આપ્યો.

'રાવણ તો ચૂંટણીમાં જીત મેળવી લોકસભામાં ગયો છે.' મે માહિતી આપી.

'હું ચંદ્રશેખર આઝાદ ઉર્ફે રાવણની વાત નથી કરતો.' રાજુ બેકફૂટ પર ગયો.

'તો કયા રાવણની વાત કરે છે?' મેં સવાલ કર્યો.

'હું અસલી રાવણની વાત કરૂં છું.' રાજુએ સ્પષ્ટતા કરી.

'રાવણ નકલી પણ હોય છે? કોઈએ રાવણ હોવાનો દાવો કરી કરોડોનો ફ્રોડ કર્યો છે?મે વિગતો માંગી.

'એવી બાબત સરકારના ધ્યાને આવેલ નથી.' સરકારી પ્રવક્તા જેમ રાજુએ જવાબ આપ્યો.

'રાવણ અંદરનો કે બહારનો રાવણ છે?' મેં રાજુ રદીને સવાલ પૂછયો.

'લગભગ રાવણ આંતરિક કે બાહ્ય નથી. તે સિવાયના રાવણે ઉપાડો લીધો છે.' રાજુએ હતપ્રભ થઇ કહ્યું.

'કોઈની પત્નીનું રાવણે પાછું અપહરણ કર્યું?' અમે શંકા વ્યક્ત કરી.

'હવે તો લોકો તેમની પત્નીનું અપહરણ કરવા રાવણને ઓફર કરે છે. રાવણ પત્નીનું અપહરણ કરે તો ટાઢા પાણીએ ખસ જાય તેવો તાલ છે. પત્ની ગુમાવેલ પતિ પત્ની ગુમ થયાની ફરિયાદ પણ ન કરે. મોંઘા મૂલની આઝાદી શું કામ ન માણે?કેમ કે, ભૂલ ભૂલમાં પોલીસ ફરિયાદ કરનારની પત્નીને ગોતી કાઢે તો ઉપાધિ થાય.' રાજુએ કોથળામાં પાંચશેરી મારી.

'રાવણ હોય ત્યાં ઉપાધિ અને ઉપાધિ હોય. રાવણે સગા ભાઇ કુબેરનું પુષ્પક વિમાન આંચકી લીધેલું. નવ ગ્રહો રાવણને ઘરે કચરો-વાસીદું કરતા હતા, પાણી ભરતા હતા. રાવણની પાંપણ કયાં અને કેટલી ફરકે છે તે નવ ગ્રહો વિનીતભાવે જોતા હતા.' મેં કહ્યું.

'ગિરધરલાલ, રાવણ મરીને પણ અમર થઇ ગયો છે. રાવણ લોકમાનસમાં સદૈવ ચિરંજીવી છે. રાવણ અભિમાનનો આઇકોન અને બ્રાંડ એમ્બેસેડર હતો. આજે પણ કોઇ અભિમાનીને આપણે રાવણની ઉપમા આપીએ છીએ. રામ ભગવાને હરાવીને રાવણનું અભિમાન ચકનાચૂર કરેલું.' રાવણથી પ્રભાવિત થઈને રાજુએ રાવણ મહિમામંડન કર્યું.

'રાજુ, આપણે દશેરાએ રાવણના પૂતળામાં ફટાકડા ભરીને પૂતળાદહન કરીએ છીએ. કેટલાકને તેમાં રાવણના દાનવાધિકારનો ભંગ લાગે છે. રાવણની સાથોસાથ કુંભકર્ણ અને મેઘનાદના પૂતળા બાળવામાં આવે છે, જેમાં કોઇને પરિવારવાદની ગંધ આવતી નથી .' મે નવું સંશોધન કર્યું.

'રાવણને ઘડીને ભગવાને હાથ ધોઇ નાંખેલ. પરંતું, રાવણના પૂતળા બનાવવા એ નાનીમાના ખેલ નથી. કોઇ એરાગૈરા નથ્થુગૈરા રાવણના પૂતળા બનાવતા નથી. હિન્દુ રાવણના પૂતળા ઉતરપ્રદેશના મુસ્લિમ કારીગરો બનાવે છે તે કોમી એકતાનો નાનો નહીં ,પરંતુ મોટો પુરાવો છે. દિલ્હી નજીકના તુમારપુરના લોકો દર વર્ષે ગુજરાત અને આખા ભારતમાં રાવણ બનાવે છે. નદી કિનારે વસેલાગામનું નામ 'રાવણ ગામ' છે.' રાજુએ પૂતળા નિર્માણ પ્રક્રિયા જણાવી.

'રાજુ , દિલ્હીમાં રાવણનું સૌથી મોટું પૂતળું બનાવવામાં આવે છે. જે એકસો દસ ફૂટ ઊંચું હોય છે. લોકોને સેલ્ફીનો ક્રેઝ એટલો છે કે રાવણના પૂતળાની પણ સેલ્ફી લે છે!' મેં વધારાની માહિતી આપી.'

'ગિરધરલાલ, આખા દેશમાં રાવણના પૂતળાનું દહન થાય છે. પરંતુ, મધ્યપ્રદેશના મંદસોરના જમાઇસા એવા રાવણનું પૂતળું બાળવાનાં આવતું નથી. કચ્છના એક ગામમાં રાવણ વિપ્ર અને વિદ્વાન હોવાથી રાવણના પૂતળાદહનને જાકારો આપવામાં આવેલ છે.' રાજુએ અવનવી માહિતી પિરસી.

'રાજુ, હિન્દુસ્તાનમાં ક્યાંય ન બની હોય એવી ઘટના દહેગામમાં બની છે. વરસાદ આવે એ સૌને ગમે. કવિઓ તો વરસાદ જોઈ ઘેલા થઈ કવિતા-ગઝલનો ભજિયાની જેમ ગરમ ગરમ ઘાણ ઉતારે. વરસાદ પણ અણગમતા અતિથિની માફક ગમે ત્યારે તૂટી પડે છે. આપણે 'અતિથિ તુમ કબ જાઓંગે ' નો સવાલ કરીએ છીએ.વરસાદે વિદાય લેવાના સમયે વરસાદ વરસાદ ખાબક્યો છે' મે રાજુને જણાવ્યું.

'ગિરધરલાલ, હવે કચ્છડાની જેમ વરસાદ બારેમાસ થઇ ગયો છે. વરસાદની કયાં નવાઈ છે?' રાજુએ મને વરસાદની વાંછટ જેવો કમોસમી સવાલ પૂછયો.

'રાજુ, દહેગામમાં દશેરા નિમિત્તે ચાલીસ ફૂટ ઉંચું રાવણનું પૂતળું તૈયાર કરેલ. વરસાદ આવે એટલે આપણે ઘાંઘા થઈ જઈએ. ખુલ્લામાં સૂકવેલ કપડાં ભીના ન થાય માટે અંદર લઇ લઇએ છીએ.. અગાસીમાં સૂકવેલ અનાજ પલળે તે પહેલાં

લઇ લઇએ છીએ. વરસાદમાં ન પલળવું પડે તેટલા માટે છત્રી, રેઇનકોટ શોધવા માંડીએ . અહીં તો દહન કરવા માટે ઉભું કરેલ પૂતળું સળગે તે પહેલાં પાપડની જેમ ઘરાઇ જાય તો દશેરાના દિવસે ઘોડો ન દોડે તેમ રાવણ સળગે નહીં. રાવણને દસ માથા હોવાથી દસ છત્રીની જરૂર પડે. રાવણ દસાનન છે, પરંતુ વીસભૂજ એટલે કે વીસ હાથ ધરાવતો નથી..એટલે દસ છત્રી કોણ પકડે? સળગાવવા માટે તૈયાર કરવામાં આવેલ રાવણ પલળીને પાપડ ન થઈ જાય તે માટે રાવણને જિંદગીમાં પહેલીવાર રેઇનકોટ પહેરાવવો પડ્યો . ઈઝરાયલે ઈરાન સાથે આદરેલ યુધ્ધના સમાચારમાં રાવણને રેઇનકોટના સમાચાર દબાઇ ગયા!' મેં અકલ્પનીય બનાવ વર્ણવ્યો!

મહાપુરૂષોની પ્રતિમાઓ દેશમાં ઠેરઠેર છે. એને વરસાદના મારથી બચાવવા રેઇનકોટ પહેરાવી શકાય! હવે રાવણ બનાવવાનો ઓર્ડર આપતી વખતે રેઇનકોટ અને રેઇનકેપનો પણ ઓર્ડર આપવો પડશે!જેથી રાવણનું પૂતળું પલળે નહીં અને દશેરાના દિવસે ધમાકેદાર બળી શકે. પૂતળાની અંદર ભરેલ ફટાકડા સૂરસૂરિયા ન થઇ જાય!

ભરત વૈષ્ણવ

# ઉદઘાટન પૂર્વે આચાર્ય લોકેશજીના માર્ગદર્શન હેઠળ ભારતનાં પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'માંથી નવકાર મંત્રનો ગુંજ સમગ્ર ભારતમાં સંભળાયો




ગુરુગ્રામમાં સ્થાપિત ભારતના પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના ઉદઘાટન પહેલા, અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, વિવેક મુનિજી, ક્ષુલક યોગભૂષણની પવિત્ર હાજરીમાં નવકાર મંત્રનો જાપ અને પૂજાની વિધિ પૂર્ણ થઈ હતી. અમેરિકાના લોસ એન્જલસથી પધારેલ વિશ્વ વિખ્યાત ડો.નીતીન શાહ સાથે અનેક તબીબોએ તબીબી તપાસ કરી અને વિનામૂલ્યે આરોગ્ય તપાસણી કેમ્પમાં મોટી સંખ્યામાં આવેલા લોકોને તબીબી સુવિધા પુરી પાડી હતી.

વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "આ કેન્દ્ર વિશ્વ શાંતિ અને સદભાવના માટે શાંતિ શિક્ષણ અને તાલીમ, ધ્યાન અને યોગ દ્વારા વ્યક્તિત્વ નિર્માણ, મહિલા સશક્તિકરણ, બાળકો અને યુવાનોના સંસ્કૃતિ નિર્માણ, પર્યાવરણ સંરક્ષણ તેમજ ભારતીય સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી આધારિત કાર્યક્રમો યોજશે. આ વર્ષે વિશ્વ પ્રસિદ્ધ ધર્મગુરુઓ, સમાજસેવકો, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો વગેરે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની હાજરીમાં વિશ્વ શાંતિ કેન્દ્રના ઉદઘાટનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

આ પ્રસંગે શ્વેતાંબર સમાજના વરિષ્ઠ સામાજિક કાર્યકર રાજકુમાર જૈન, સુભાષ ઓસવાલ, દિગંબર સમાજના વરિષ્ઠ સામાજિક કાર્યકર સુભાષચંદ્ર જૈન, ડૉ. ડી.સી. જૈન, નામાંકિત કાઉન્સિલર મનોજ જૈન, જીતોનાં વડા હિતેશ જૈન, એચ. જૈન, સમસ્ત મહાજન મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ, મહાવીર ઈન્ટરનેશનલના ડાયરેક્ટર ડો. ઈન્દુ જૈન અને અનેક સંસ્થાઓના અગ્રણી પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે પૂજ્ય આચાર્ય લોકેશજીના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ અહિંસા વિશ્વ ભારતી દ્વારા નવનિર્મિત વિશ્વ શાંતિ કેન્દ્ર સમગ્ર વિશ્વમાં અહિંસા શાંતિ અને સદભાવનાનો સંદેશ ફેલાવવામાં સફળ રહેશે.દિગંબર પરંપરાના ક્ષુલ્લક યોગભૂષણજી મહારાજ અને શ્વેતાંબર પરંપરાના વિવેક મુનિજી મહારાજે જણાવ્યું હતું કે, "આચાર્ય લોકેશજીએ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મનું ગૌરવ વધાર્યું છે. વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા ભગવાન મહાવીરની ફિલસૂફી અને જૈન સિદ્ધાંતોનો દેશ અને દુનિયામાં પ્રસાર થશે." વિશ્વ વિખ્યાત ડો.નીતીન શાહે જણાવ્યું હતું કે, "અહિંસા વિશ્વ ભારતી સંસ્થા દ્વારા આયોજિત નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિરમાં મહિલાઓ અને બાળકો સહિત ૫૦૦થી વધુ લોકોએ તેમની આરોગ્ય તપાસ કરાવી હતી અને તેઓને મફત દવાઓ અને સાધનો પણ આપવામાં આવ્યા હતા. અમેરિકાના ડોકટરો પોતાની માતૃભૂમિ ભારતના નાગરિકોની સેવા કરીને માટીનું ઋણ ચૂકવવા માંગે છે."ઉલ્લેખનીય છે કે જૈન આચાર્ય લોકેશજીના નેતૃત્વમાં ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રનો શિલાન્યાસ એપ્રિલ ૨૦૨૨માં ગુરુગ્રામમાં કરવામાં આવ્યો હતો. આજે દેશ અને દુનિયામાં ફેલાયેલા પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકરોની મદદથી આ સાત- માળનું મકાન પૂર્ણ થયું છે. આ ઈમારતમાં સંત નિવાસ, યોગ અને વેલનેસ સેન્ટર, રેસ્ટોરન્ટ, ઓડિટોરિયમ, પાર્કિંગ તેમજ મુસાફરોના રહેવાની વ્યવસ્થા છે.આ પ્રસંગે ખાસ સહયોગી અભય કુમાર જૈન, ચેન્નાઈથી શ્રીમલ, પુણેથી પ્રકાશ ધારીવાલ, મુંબઈથી સુખરાજ નાહર, મુંબઈથી દિલીપ ચંદન, કલકત્તાથી વિનોદ દુગ્ગડ, ડૉ. અનિલ, અમેરીકાથી મનુભાઈ શાહ સહિત બિલ્ડીંગના નિર્માણમાં ખૂબ જ વિશેષ સેવાઓ આપનારને યાદ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેશ-વિદેશના અનેક દાતાઓએ પણ સહયોગ આપ્યો છે અને સંસ્થાએ તેમનો પણ આભાર વ્યક્ત કર્યો છે.

કાર્યક્રમની શરૂઆત મીનાક્ષી જૈનના ભજનથી થઈ હતી. આ પ્રસંગે ડો. વિજય સૂદ, સુહાસિની સૂદ, ડો. નીતીન શાહ, કિન્ના ગાંધી, સરયુ વોરા, રિયા શાહ, ભગવતી ભાટિયા, ડો. ઉષા ગુપ્તા, ડો. નીતિ ધમીજા, ડો. મેકબેથ, રોહક વોરા, જસ્મીન શર્મા, લહેરા, ડો. ગુપ્તા અને પાર્ક હોસ્પિટલના તબીબોએ આરોગ્ય તપાસણી કરી હતી. અહિંસા વિશ્વ ભારતીના વીર હિના જૈન, પ્રેમ ગુપ્તા, શ્રીમતી કેનુ અગ્રવાલ, કુ. તારકેશ્વરી મિશ્રા, યોગાચાર્ય દેવ ચંદ્ર, જાવેદ, સુબોધ જૈન, મનોજ રિતુ જૈન વગેરે કાર્યકરોએ કાર્યક્રમનાં સંકલનમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

# ગત વર્ષથી ૬% વધારોઃડોમેસ્ટિક એરપોર્ટ પર ૬ માસમાં ૫૦ લાખ પેસેન્જર નોંધાયા

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ શહેરો માટે વિવિધ એરલાઈન્સ દ્વારા નવી ફ્લાઈટો શરૂ કરાઇ રહી છે. અમદાવાદ એરપોર્ટ પર એપ્રિલથી સપ્ટેમ્બરના ૬ માસમાં ૬૦ લાખથી વધુ પેસેન્જરની અવરજવર નોંધાઈ છે. ગત વર્ષના આ સમયગાળા કરતા પેસેન્જરની સંખ્યામાં ૮ ટકાનો વધારો થયો છે.



૫૦ લાખથી વધુ ડોમેસ્ટિક પેસેન્જર નોંધાયા છે. જેમાં ગત વર્ષની સરખામણીમાં ૬ ટકા વધ્યા છે. જ્યારે ઈન્ટરનેશનલ પેસેન્જરની સંખ્યા ૧૦ લાખથી વધુ છે. જે ગત વર્ષની તુલનાએ ૧૫ ટકા વધુ છે. ડોમેસ્ટિક-ઈન્ટરનેશનલ મળી ૪૮ હજારથી વધુ ફ્લાઈટની મુવમેન્ટ નોંધાઈ છે. ઓક્ટોબરમાં રોજ સરેરાશ ૨૫૦ ફ્લાઈટની મુવમેન્ટની સાથે ૩૩ હજારથી વધુ પેસેન્જરો નોંધાયા છે. જુલાઈ-સપ્ટેમ્બરમાં પેસેન્જરની સંખ્યામાં ૧૦ ટકાનો ગ્રોથ નોંધાયો હતો. એસવીપીઆઈ એરપોર્ટના એક અધિકારી અનુસાર, એરપોર્ટ પરથી પેસેન્જરોની સંખ્યામાં સતત વધારો થતાં ૬ માસમાં ડોમેસ્ટિક સેક્ટરમાં મોટાભાગના પેસેન્જરોએ દિલ્હી, મુંબઈ, બેંગલુરુની મુસાફરી કરી છે. જ્યારે ઈન્ટરનેશનલ સેક્ટરમાં દુબઈ, અબુધાબી, કુવૈતની મુસાફરી કરી છે.

## બોટાદ રિલાઈન્સ મોલના દ્વારા કર્મચારી દ્વારા પ્રોડક્ટ ડીલીવરી કર્યા પહેલા બિનકાયદેસર રીતે ઓ.ટી.પી. મંગાવાય છે

બોટાદના ગ્રાહક હાર્દિકભાઈ ભટ્ટ દ્વારા રિલાયન્સ જીઓ માર્ટ એપ્સ માંથી ઘર ઉપયોગી સામાન ઓર્ડર કરવામાં આવેલ. ઓર્ડર ડીસ્પેચનો મેસેજ આવેલ અને તેમાં જણાવેલ કે આ ઓર્ડર બથવાર મનુભાઈ હેન્ડલ કરશે .અને ત્યારબાદ રિલાયન્સ જીઓ માર્ટ ડીલીવરી કરનાર વ્યક્તિનો ડીલીવરી પહેલા ઓ.ટી.પી આપી દેવા માટે કોલ આવેલ અને ગ્રાહકે સામાન મળ્યા પહેલા ઓ.ટી.પી આપવાની ના પાડેલ. રિલાયન્સ જીઓ માર્ટ ડીલીવરી બોયે તરત ફોન કાપી નાખેલ. અને ગ્રાહક પર ખુન્નસ રાખી ઓર્ડરને મોડો આપવા તેમની કમ્પ્યુટર સિસ્ટમમાં નાખી દીધેલ અને તે ઓર્ડર મોડું થવાનું ખોટું કારણ મેસેજમાં જણાવેલ કે ગ્રાહક ઘરે નાં હોવાથી એમનો ઓર્ડર મોડો મળી શકે છે. જ્યારે તે હકીકત જુઠી છે તેવો ગ્રાહકનો દાવો છે. આ બાબતે ગ્રાહકે તાત્કાલિક જીઓ માર્ટના કસ્ટમર કેરમાં ફરિયાદ(ફરિયાદ નંબર ૭૨૯૪૧૮૨૯૭૨૬૦ ) નોંધાવી આવી બિનકાયદેસર પ્રવૃત્તિ કરવા અનુરોધ કર્યો છે.

# સુનિતા વિલિયમ્સને નડ્યું ફ્લોરિડાનું ભીષણ વાવાઝોડું, નાસાના મહત્ત્વપૂર્ણ મિશન 'ક્રૂ-૮'માં વિલંબ



સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને આઈએસએસ પરથી પૃથ્વી પર પરત લાવવામાં ફરી એકવાર અડચણ આવી છે. નાસા અને સ્પેસએક્સ દ્વારા આ બંને અંતરિક્ષ યાત્રીઓને પૃથ્વી પર લાવવા સ્પેસ એક્સ ક્રૂ-૮ મિશન શરૂ કરાયું હતું, પરંતુ ફ્લોરિડામાં ભીષણ વાવાઝોડાના કારણે આ કામગીરી બુધવાર સુધી પાછી ઠેલાઈ છે. નાસાના જણાવ્યાનુસાર, ખરાબ હવામાનના કારણે અનડોકિંગનો પ્રયાસ ન કરવા નિર્ણય લેવાયો છે. સ્પેસ એક્સ ક્રૂ-૮ મિશનમાં સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર અંતરિક્ષમાં જ ફસાઈ ગયા છે. આ મિશનના અધિકારી કોઈપણ અંતિમ નિર્ણય લેતાં પહેલાં હવામાનની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. નાસા અને સ્પેસ એક્સનું ક્રૂ-૮ મિશનનો હેતુ અંતરિક્ષ યાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી સલામત રીતે પાછા લાવવાનો છે. તેઓ બંને જૂનમાં બિંગના સ્ટાઈલાઈનર અંતરિક્ષ યાન પર આઠ દિવસના મિશન પર ગયા હતા, પરંતુ આજે ચાર મહિલા પછીયે અંતરિક્ષમાં જ છે. સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામીને કારણે આ અવકાશયાનને તે બંનેને લીધા વિના જ પૃથ્વી પર પાછા ફરવું પડ્યું હતું. ક્રૂ-૮ મિશન ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં તેઓને પરત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ક્રૂ-૮ મિશનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. જો સ્થિતિ સુધરશે તો તેઓ આજે રાત્રે ૯:૦૫ વાગ્યા સુધી (ભારતીય સમય પ્રમાણે સવારે ૬:૩૫ વાગ્યે) અનડૉક કરવાનો પ્રયાસ કરશે.

# બોમ્બે હાઈકોર્ટે છોટા રાજનના જામીન મંજૂર કર્યા, આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો હતો

બોમ્બે હાઈકોર્ટે ગેંગસ્ટર છોટા રાજનના શરતી જામીન મંજૂર કર્યા છે. ૨૦૦૧માં જયા શેટ્ટી હત્યા કેસમાં દોષિત છોટા રાજનને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જસ્ટિસ રેવતી મોહિત ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝનલ બેન્ચે રૂ. ૧ લાખના બોન્ડ પર રાજનના જામીન મંજૂર કર્યા છે.અંડરવર્લ્ડ ડૉન છોટા રાજને ૨૦૦૧માં હોટલ માલિક જય શેટ્ટીની હત્યાકાંડમાં સજા રદ કરવા અને જામીનની માંગ કરતા બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. ઝૅમૅએ છોટા



રાજનની અરજીનો વિરોધ કર્યો હતો. મુંબઈની એક વિશેષ ઝૅમૅ કોર્ટે તેને દોષિત ઠેરવતા આજીવન કારાવાસની સજા સંભળાવી હતી. આ ઘટનામાં સામેલ ત્રણ અન્ય શૂટર્સને પણ આજીવન કારાવાસની સજા થઈ હતી.સાઉથ મુંબઈમાં 'ગોલ્ડન ક્રાઉન' હોટલના માલિક જય શેટ્ટીની મે-૨૦૦૧માં તેમની ઓફિસ સામે જ બે અજાણ્યા લોકોએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. ઘટના બાદ એક આરોપી અજય સુરેશ મોહિતે ઉર્ફ અજય સૂરજભાન શ્રેષ્ઠ ઉર્ફ અજય નેપાલી ઉર્ફ ચિકનાની હથિયારો સાથે ધરપકડ થઈ હતી. તેના પર જય શેટ્ટીને ગોળી મારવાનો આરોપ હતો, તેનો સાથી કુંદનસિંહ રાવત ભાગવામાં સફળ રહ્યો હતો પરંતુ બાદમાં તેને ઝડપી લેવામાં આવ્યો હતો.રાજન મુંબઈના તિલક નગરમાં સિનેમાની ટિકિટોની કાળાબજારી ગુનાની દુનિયામાં પ્રવેશ્યો હતો.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ**




**NOGSS NO : 161**

વિષય : મનગમતી રચના
શિર્ષક : કવિતાની દોડ
પ્રકાર : કાવ્ય શબ્દો : ૮૫

પાંપણની ઝાકળને ખરી જવા દો,
એકાંતે આંસુને વહી જવા દો,
છે કોઈ વાત મને કહી દેવા દો,
કાગળ પર કવિતાને દોડી જવા દો.

દૂર હો કે પાસ થોડું ખસી જવા દો,
નજર માંડે મીટ, બધું જોઈ લેવા દો,
ચાલે જેમ શ્વાસ,જરા શ્વસી લેવા દો,
કાગળ પર કવિતાને દોડી જવા દો

ટમટમતા તારલાને સ્પર્શી લેવા દો,
દોડતી એ વાદળીને દાવ લેવા દો,
સુખદુ:ખના ખેલ બધા માણી લેવા દો,
કાગળ પર કવિતાને દોડી જવા દો.
°°°ગ્રીષ્મા પંડ્યા °°

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**

વિષય: મનગમતી રચના
શીર્ષક: જિંદગી
પ્રકાર:પદ્ય શબ્દો:૮૦

આપણાં હોય તેની સાથે ચાલવું,
આપણાં હોય તેને સાથે તેના જેવા થવું,
જે થઈ ગયું એને બદલી શકાતું નથી,
પોતાની જાતને બદલવી તેનું નામ જિંદગી!

દુ:ખો દૂર કર જો તારા દિલમાં છે,
કોઈક વાર ખુશી તો ગમ છે,
પરિસ્થિતિ ગમે તેવી આવે,
સરસા રહેવું તેનું નામ જિંદગી!

'પ્રેમ' તારાથી રસ્તો તારાથી જ મંજિલ,
સમય ગમે? તેવો હોય,
સમયને સાચવી લે તેનું નામ જિંદગી!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:**

વિષય મનગમતી રચના
શીર્ષક અમે બે- બાળક એક
પ્રકાર : પદ્ય
પ્રવિણા કડકિઆ

—-
ત્રિકોણનો ચોથો ખૂણો
ઝાઝું બોલે છતાં સુનો

નોકરી પર સદા ગાજતો
ઢગલો પૈસા ઘેર લાવતો

શૌર્યથી સૂતો શેર જગાવતો
ગૃહલક્ષ્મીથી નજર ચૂરાવતો

ઘરમાં બિલ્લી બની જતો
તત પર માંડ માંડ કરતો

હરફ ઉચ્ચારતા હાંફી જાતો
ત્રિકોણમાં ન સમાઈ શકતો

ચતુષ્કોણ બનવા ફાંફા મારતો
ત્રિકોણના ખૂણામાં ભરાઈ જાતો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 335**

વિષય:—મનગમતી રચના
શીર્ષક:—'ચા ની બીમારી'
પ્રકાર:—પદ્ય શબ્દો:—૧૩૨

હું ચા નો બંધાણી છું હું ચા થકી બીમાર થયો છું,
મારી કોઈ દવા નથી આજ હું સ્વીકારતો થયો છું.

ખબર પૂછવા આવે જે કોઈ મારા સૌ સ્નેહીજનો,
એને પાણી આપ્યા પછી ચા જલ્દી તમે પીવડાવજો.

મારૂ મરણ થતાં મારી જાતને ચા વડે નવરાવજો,
એકાદ બે ચાય ની પ્યાલી મુજ મુખ પર ચડાવજો.

બુસ્ટ-બોન્ડના બે ચાર ડબ્બા શ્રીફળ બદલ બંધાવજો,
મારી નનામી ઉચકવા ચાના બંધાણીને જ બોલાવજો,

રસ્તે જતા સ્મશાનમાં ફક્ત ચાય-ચાય પોકાર જો,
ચા ની ભુકીના થોડા પેકેટો પુષ્પો બદલ વેરાવજો,

બાળ્યા પછી સૌ સ્નેહીજનોને ચાના સ્નાન કરાવજો,
બસ એ જ ચાય થકી તમે સૌ ચિતા ને મારી ઠારજો,

શ્રદ્ધાંજલિના મારા એ ફોટામાં ચાય તમે ચિત્રાવજો,
મારી પાછળ બીજું કંઈનઈ પણ ચાનુ સદાવત બંધાવજો.

મારા મરણની તિથિએ ટી-પાર્ટી સૌને અપાવજો,
જે ન પીતો હોય એને મારા સોગંદ દઈને પીવડાવજો.

??? બીના આહિર "ધરતી"ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષય:" " મનગમતી રચના" શીર્ષક:" મનગમતી વાત" પ્રકાર:ગધ્ય. શબ્દો:૧૬૨

સુખ નાં ફૂલ શોધવાં કાંઈ બગીચા માં ન જવાય,તે તો ખોળા માં આવી ને પડે,
દુ:ખ નાં ઓશિકા લઈ ને કાંઈ રોજ રોજ ન સુવાય,તેનો ઈલાજ કરાય,
જે આપણ ને દુ:ખ આપે ત્યારે આંસુ લુછવાં તેનો રુમાલ ન લેવાય,
સુખ ની ચાદર માં પોઢવાં થી ઊંઘ નથી આવતી,બીજાં નાં દુ:ખ ની ચાદર ખંખેરીયે તો ઊંઘ આવે છે,
પ્રિયે ને પામવા કરતાં તેનો વિશ્વાસ જીતવાં માં જે મઝાં છે તે કાંઈક ઓર જ હોય છે,
જેમને પ્રભુએ તમારી સાથે સાંકળ્યાં છે તેમની જરુરિયાતો પુરી કર્યા વગર તમારાં શોખ પોષો તો તેના થી નિમ્નતર વ્યકિત કોઈ નથી,
જેમના શોખો ને તમારે પોષવાનાં હોય તેમને તેમની જવાબદારી નું ભાન કરાવો, જો તે જવાબદારી નિભાવતી હોય તો તેને તેનાં શોખો થી નવડાવો,
જવાબદારી માંથી છટકવું ને શોખો માટે ભટકવું તે આજ ની આધુનિક નારી ની પ્રતિભા છે.
મરતાં મરતાં જીવવું તેનાં કરતાં જીવતાં જીવતાં મરવું તેમાં શાન છે.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત"(અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**

વિષય : મનગમતી રચના.
શીર્ષક : 'તારી સાથે '
પ્રકાર : પદ્ય, શબ્દ :૧૭૮

વર્ષોના ઘટ બનેલા સંબંધોથી 'તને 'મારે બસ એટલું કેહવું છે,
રહેલા જીવનને તારી સાથે મન ભરી જીવવું છે.

આંખ ઉઘડતા પડખે મારી, તનેજ બસ હવે જોવો છે,
તારા હાસ્ય થકી, દિવસના આરંભથી અંત સુધી... તારો સંગ મેળવવો છે.

કુદરતના સાનિધ્યમાં તારી સાથે આનંદથી વિહરવાનો લ્હાવો લેવો છે.
તારા કરની લગોલગ રહી, ઈશ્વર સમક્ષ બની
નતમસ્તક પ્રાર્થનાનો આનંદ લેવો છે.
પ્રભુના પ્રસાદને હસતા રમતા, તારા હાથે મારા મુખમાં પામવો છે,
દરિયાની ઉછળતી લહેરો જોતા,તારા હાથને પકડી, દૂર સુધી ચાલવાનો ઈજારો લેવો છે.
અસ્તાચળે જતા રવિને નિહાળતા, તારામાં ઓતપ્રોત થઈ સૌંદર્યનો નઝારો જોવો છે.
એક નારીયલ માંથી બે સ્ટ્રો થકી,પાણી સંગ પ્રેમ પિયુષને પણ અનુભવવો છે.

નીશાના ધીમા આગમન સાથે, તારા ખચિત ગગનને તારે સંગ જોવો છે,
ટુટતા તારાને શોધવાના પ્રયાસમાં મસ્તક ભટકાવવાના ચચરાટને પામવો છે.

પ્રણયભીના સંવાદો કરતા,મસ્તીલો માણસ સાચેજ મારે માણવો છે,
નીતાંત સુખથી તારામાં ઓગળી જઈ, પરીતૃપ્તિ નો આસ્વાદ સતત ચગળાવવો છે.

સુખને સંતોષની સાથે જીવનને બસ આમ જ તારી જોડે જીવવાનો ખ્યાલ પંપાળ્યો છે.
આ અફીણી સુખને માત્ર તારી સાથે,જીવવાનો મોકો ઈશ્વર આપે એવી મારી યાચનાનો પ્રભુ પર મારો છે.

??.. ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :- 353**

વિષય:- મનપસંદ વિષય
શીર્ષક:- અનમોલ જીવનની ભેટ
શબ્દો:- ૩૫૦

જીવન પરમાત્માએ આપેલ અનમોલ અવસર જેને મોજથી જીવવાનો છે. ભલે તડકો છાયો આવે એને સહેતા જીવનને એક નાટકના પાત્રની જેમ ઈમાનદારીથી નિભાવી જાણવાનો છે.
સમય સાથે બધુજ બદલાય પરિવર્તન થાય.પણ માનવે એની સાથે સમાનતા સાંધી જીવવાનું છે. પરમાત્માએ જીવનમાં સૌ સાથે હળીમળીને રહેવાની વાત કરે છે. પ્રેમ થકી જીવનને એ પરમાત્માના નૂરથી ભરી દેવાનું છે. અવસર આ માનવનો ફરી મળવાનો નથી એટલે જે મળ્યો એને એની અનમોલ બક્ષીસ સમજી જીવવાનું છે. પરમાત્માએ સૌને સમાન બનાવ્યા છે. સૌના રક્તનો રંગ લાલ છે. એમાં કોઈ ભેદ નથી કોઈ જાતપાત નથી. કોઈ વર્ણભેદ નથી સૌ સમાન છે. કોઈ દી' કોઈની લાગણીને કોઈના દિલને દુભાવુ નહીં. બધાને પ્રેમ પ્યારથી જીવવાનું છે. પરમાત્માના દરબારમાં સૌ સમાન છે. કોઈ જાતિભેદ નથી કોઈ ઊંચ નીચ નથી. કારણ સૌને એક જ ધરતી માં અંતે દફન થવાનું છે.
પરમાત્માએ એક ચાંદ સૂરજ બનાવ્યા એમાં કોઈ ભેદ નથી રાખ્યો. હવા એક જ સૌ એના થકી જીવે તો પછી માનવ એક ભેદ ભાવ રાખી નાતજાતના જે ભેદ રાખે એજ ગુનેગાર એ પ્રભુનો થાય. સૌ સાથે મોજથી જીવો ભલે એક સમય પૈસા ઓછા હોય પણ સૌ સાથે સંપીને જીવો.
પરિવાર માટે સમય આપો આ અનમોલ અવસર જીવો કોઈ ગયા પછી મૃત્યુ પછી પાછું આવતું નથી એટલે એના ગયા પછી એનું મહત્વ સમજાય એ પહેલાં એને એવા પ્રેમ પ્યારથી જીવી લો કોઈને ભલે કોઈ મદદ ના કરી શકો પણ એના વિશે સારું વિચારો એને અંતરથી આશિષ આપો.
ભલે આપણા વિશે કોઈ ખોટું કહે એ છતાં પણ એનો ઉપકાર માની જીવો એની સાથે પ્રેમ પ્યારથી જીવો જીવનમાં પૈસા જરુરી છે પણ એટલા જરુરી નથી કે આપણે આ જીવનને જીવવાનું ભુલી જઈએ. એને સમજવાનું ભુલી જઈએ.
પાસે જે હોય એમાંથી થોડું કોઈને આપવાનું રાખો. ભલે કોઈનો સાથ ન આપી શકીએ પણ એના વિશે ખોટી ધારણા ન બનાવીએ અહીંયા સૌ પોત પોતાનાં નસીબ આધારે જીવે છે. એટલે કોઈના જીવનમાં અજવાળું ન કરી શકીએ તો કંઈ નહીં પણ
આભાર - નિહારીકા રવિયા અંધકાર કરવાની આપણી કોઈ ઓકાત નથી. જેટલા ઊંચા પદે હોવ પણ મનથી નાનપ રાખવી જેટલા નમ્ર બની જીવશો એટલો શાંતિથી જીવાશે એ પરમાત્મા ની અનુભૂતિ થશે. નિદોર્ષ બની જીવો બાળક બનો ન કોઈને નડો ન કોઈની ખોટી ધારણા બનાવો. બસ જીવવને પરમાત્માનો અનમોલ ખજાનો ને એના આપેલ શ્ર્વાસ ના ભંડારને આનંદથી જીવો.
પ્રકાશકુમાર.એમ.સોલંકી "એકાંત"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S: 168**

વિષય: મનગમતી રચના
શીર્ષક: હું કૂતરો... મારી ઓળખ અને વ્યથા (કાલ્પનિક લેખ)
પ્રકાર: ગદ્ય. સંખ્યા: ૩૪૦

હું કૂતરો...મારી ઓળખ અને વ્યથા
(કાલ્પનિક લેખ)

હું એક લાગણીશીલ પ્રકૃતિ પ્રધાન પ્રાણી છું. ભારતની સરહદ ઉપર આર્મી સાથે તેમજ રાજ્ય સરકારના પોલીસ સાથે પણ કદમ થી કદમ મિલાવી કામ કરું છું. હું બહારવટીયા અને આદિવાસીઓનાં ઝુંડમાં એમની સાથે પણ પરિભ્રમણ કરતો રહું છું. લોકો મને બોડીગાર્ડ તરીકે પણ સાથે રાખે છે.હું મોટા મોટા બંગલાઓમાં અને ઘરોમાં માણસો વચ્ચે રહી માણસો સાથે તેમનાં બાળકો સાથે રમવું અને રમાડું છું. મને મારાં માલિક રોજ સવારે મૉનિંગવોક માંટે સાથે બગીચામાં લઈ જાય છે. હું મારાં માલિકની આજ્ઞાનું પાલન કરું છું. અને ઠંડી માં મારાં માલિક મને ગરમ કપડું પહેરાવે છે. તેઓ મને એમનાં વ્હાલાં નામથી બોલાવે છે અને હું દોડી જવું છું. મને રહેવા માટે અને સુવા માટે સ્પેશિયલ રૂમ ફાળવેલું હોય છે. મારુ મેડિકલ ચેકઅપ સમયે અંતરે કરવામાં આવે છે.

આજે માણસની જેમ અમારું પણ વૃદ્ધાશ્રમ છે. ત્યાં અમારી સાર સંભાળ તથા કમ્પ્લીટ મેડિકલ સારવાર કરવામાં આવે છે. આજે માનવી ક્યાંક માનવંતા પોતાનાં સ્વાર્થમાં ભૂલી ગયો છે. અમોને ઝેર આપીને મારી નાખવામાં આવે છે અને લાકડીઓથી મારી મારીને અમારા હાથ પગ તોડી નાખે છે ......
...... ખાવાનું આપવાનું તો એક બાજુ રહ્યું. હું તો મનુષ્યથી વિનંતી કરું છું કે તમે અમને ખાવાનું ન આપો તો ચાલશે પરંતુ અમને ઝેર તથા લાકડીઓથી મારી મારીને મારવાનો બંધ કરો. હું પણ એક તમારાં જેવો પ્રકૃતિ પ્રાણી છું. સરકાર અને સમાજની અમારી સેવા અને રક્ષા કરવાની ફરજ માં આવે છે નહીં કે ત્રાસ આપવું.ભલે અમે કૂતરા કહેવડાવી એ પરંતુ માણસ કરતાં વફાદાર પ્રાણી છીએ અને કોઈનાં ભક્ષક નથી રક્ષક છીએ.
હું એક પ્રમાણિક સિપાહી છું. રાષ્ટ્રના સરકારી ચોપડે અમારું નામ લખવામાં આવે છે. મારા મૃત્યુ બાદ એક વ્યક્તિ જેટલો જ અમને માન સન્માન આપવામાં આવે છે.હું સામાન્ય જ્ઞાનથી બુદ્ધિ થી નિર્ણય લઈ શકું છું. મારા માલિક તેમજ સરકાર શ્રી સ્વાસ્થ્યની બહુ જ કાળજી લેતા હોય છે. જ્યાં અમારો વાસ હોય છે.
અમે અમારા માલિક સાથે ક્યારે પણ દુષ્ટ માણસની જેમ દગાખોરી કરતા નથી. અમે નમક હરામ પ્રાણી બિલકુલ નથી. રાષ્ટ્ર કાજે અમો હોમી જઈએ છીએ.મરો ધર્મ હું કૃત્યતાથી નિભાવુ છું. તમારી જેમ અમને પણ સ્વતંત્રતાથી જીવવા દેજો ભાઈ.........'જીવ દયા પ્રેમી થાઓ'
સમયની પુકાર છે. 'જીવો અને જીવવા દો'
અસ્તુ
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' ઉદયપુર

# સરકારી આંગણવાડીમાંથી ઉઠાવી લઇને રિસોર્ટ જેવી ફાઇવસ્ટાર અરે, સેવન સ્ટાર સગવડ આપતી પ્રિ પ્રાઇમરી સ્કૂલમાં પુત્રને પ્રવેશ અપાવવા ઉચ્ચ મહિલા અધિકારીને અનુરોધ

અરે રે રે રે( ગેસ સ્ટવ પર દૂધને ઉભરાતુ જોઇને અથવા ગરોળીને જોઇને વનિતાના મુખમાંથી આવો ઉદગાર નીકળે છે. સારસ બેલડીને ખંડિત થતી જોઇ વાલ્મીકિ ઋષિના ઉરમાંથી આક્રંદ વહેવા માંડેલું . જે રામાયણના લેખન માટે ઉદાપક બનેલું) તમે એક મહિલા અધિકારી છો. છતાં પણ આવું કેમ કર્યું? કેટલાક નિર્ણયો હોશમા, કેટલાક જોશમાં અને કેટલાક બેહોશમાં લેવાના હોય છે!!આપણે આઇ કોન છીએ. યુથ આઇ કોન છીએ. ઓકે પણ કાયમ આઇકોનનું પાટિયું ગળામાં ભરાવીને ફરવાનું ?
આપ મૃદુભાષી કે કઠોરભાષી છો એની અમને ખબર નથી. પણ આપ ગુજરાતીભાષી નથી એ અમને ખબર છે.,આપ ખપપૂરતુ ગુજરાતી બોલી લેતા હશો. ગુજરાતી ભાષામાં તલ જુઓ તેલની ધાર જુવો એવી કહેવત છે. અમે ગુજરાતી વેપારી પ્રજા છીએ. અમે અમારા નિર્ણયો દિલથી નહીં પણ દિમાગથી નિર્ણય કરીએ છીએ. કોઇ પણ નિર્ણય તર્ક અને તર્કથી લેવો જોઇએ. જેથી પાછળથી પસ્તાવું ન પડે!! અરે રે આશું કર્યું? આવું કરાય? આપણને આવું શોભે? જાતે ચિબાવલા થવાની શી જરૂર ખરી?સરકારે આવું કરવા કહ્યું છે? સરકાર કહે તો ઉંટો કાઢ્યા ઢેકા તો માણસે ક્યાં કાઠા!! સરકાર રૂપી ઉંટ ગાંગરે રાખે આપણે પલાણ નાંખી દેવા. સરકાર ફરજિયાત કરે તો આપણે હોઠ સાજા તો ઉતર ઝાઝા. કહીને બહાના બતાવી દેવાય, શું સમજ્યા ?( શું ધૂળ ને ઢેફા સમજ્યા ? સમજ્યા હોત તો આવું બને જ નહીં.
તમને એક મજાની વાત કહું? ગુજરાતમાં એક સમયે અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપવા માટે જોરદાર સંઘર્ષ ચાલતો હતો.,ભારતમાં અંગ્રેજી કેળવણી મેકોલેએ શરૂ કરાવેલી. એટલે અંગ્રેજી માધ્યમ મેકોલે માધ્યમ કહેવાતું. મગન દેસાઇ ગુજરાતી માધ્યમ અને મગન ઠાકોર અંગ્રેજી માધ્યમની વકીલાત કરતા હતા. જેટલા લોકો ગુજરાતી માધ્યમની વકીલાત કરતા હતા તેમાં અપવાદોને બાદ કરતા બહુધાનાં સંતાનો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા હતા!!!આવું સરકારી બાલમંદિર અગર શાળાઓનું છે!! મેડમ રેગ્યુલર નહીં પણ કોન્ટ્રેકટ પર સેવક- પટાવાળા ( કેટલાક લોકો પટાવાળાને આઈપીએસ કહે છે. આઈપીએસ એટલે ઈન્ડિયન પોલીસ સર્વિસ નહીં સમજવાનું પણ ઈન્ડિયન પ્યુન સર્વિસ સમજવાનું !! )પણ તેમના સંતાનો-પાલ્યોને સરકારી બાલમંદિરમાં નહીં પણ પ્રિ પ્રાઈમરી સ્કૂલમાં દાખલ કરે છે. ઈન્ડિયન પોલિસ સર્વિસ અને ઈન્ડિયન પ્યુન સર્વિસ બંને વચ્ચે બીજી સામ્યતા હોય કે ન હોય પણ બંનેની નિવૃતિવય ૬૦ વરસ છે!!અધિકારીઓ વારંવાર બેલ વગાડે ત્યારે અકળાયેલ પટાવાળા રોકડું પરખાવે કે તમે મારા અંડરમાં નથી.( પટાવાળાના કહેવાનું તાત્પર્ય હતું કે હું તમારો પટાવાળો નથી !!
મેડમ તમે આજે તમારા સુપુત્રને સદભાવના અને શુભાશયથી સરકારી આંગણવાડીમાં દાખલ કર્યો.તસવીરમાં કાંટા વચ્ચે ગુલાબ જેવો લાગે છે. આવા માસુમને સરકારી આંગણવાડીમાં રોળી નાંખવાનું? અત્યારે સગીર છે, નાસમજ છે, તમારા નિર્ણયને માથે ચડાવે છે .પણ મોટો થઈને પૂછશે ત્યારે મિનપિયાસીની કવિતા જેવું થશે??
દેશમાં પ્રાઈવેટાઇઝેશનની બોલબાલા છે.પીળું એટલું સોનું અને ઉજળુ એટલું દૂધ નહીં.સરકારી આંગણવાડીમા ભણવાને લીધે તેની આઈઆઈટી, ડોકટર કે આઈએસની કેરિયર પર પૂર્ણ વિરામ મુકાઇ જશે તો? ટપોરી છોકરાની સંગતમાં ટપોરી બની જશે તો??રાઈટ ટુ એજયુકેશન હેઠળ મોંઘી સ્કૂલોમાં પ્રવેશ લેતાં ગરીબ પરિવારના બાળકોની દશા આગળ કૂવો અને પાછળ ખાઈ જેવી થાય છે. પૈસાદાર જેવી રહનસહન, શૈલી, સ્ટાઇલ આત્મસાત કરી શકે નહીં અને મનોમન હિજરાય. ધૂડી નિશાળમાં હીરો ગણાય એ આરટીઆઇ હેઠળની સ્કૂલોમાં ઝીરો બની જાય છે!!!
તમે ઓફિસર છો. સાહેબ પણ ઓફિસર હશે. બંનેની સારી આવક હશે !! બીજી પણ મોટી આવક હશે પછી શેના માટે લોભ કરો છો??બાળકના અભ્યાસ માટે દેવું થાય એ દેવું ન કહેવાય. આ ખર્ચ માનવસંશાધના વિકાસ માટે રોકાણ છે. જેનું હેન્ડસમ વળતર મળવાનું છે!! માણસ પેટે પાટા બાંધી દિકરી-દીકરીની સપના સાકાર કરે છે. સો વાતની એક વાત . તમે તમારા લાડલાને સરકારી આંગણવાડીમાંથી ઉઠાવી લઈને રિસોર્ટ જેવી ફાઈવસ્ટાર અરે, સેવન સ્ટાર સગવડ આપતી પ્રિ પ્રાઈમરી સ્કૂલમાં પ્રવેશ અપાવી દો!!
ભરત વૈષ્ણવ

## ગાંધીનગરના અંબોડ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે આવતીકાલે મિની પાવાગઢ- શ્રી મહાકાલી મંદિરનું લોકાર્પણ કરાશે



ગાંધીનગરના માણસા તાલુકાના અંબોડ ગામમાં આવેલું અતિ પ્રાચીન શ્રી મહાકાલી મંદિરનું આવતીકાલ તા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે માણસા અને વિજાપુરના ધારાસભ્યશ્રીઓ, ટ્રસ્ટીઓ તેમજ માઈ- ભક્તો ઉપસ્થિત રહેશે.

સાબરમતી એટલે કે, સાબર મૈયાના નયનરમ્ય ખોળે બિરાજમાન શ્રી મહાકાલી માતાનું મંદિર લગભગ ૬૧૧ વર્ષ જેટલું પ્રાચીન છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસ ભી, વિરાસત ભી' ના મંત્ર સાથે આસ્થાના કેન્દ્રનું સંવર્ધન થઇ રહ્યું છે. જેના પરિણામે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ પ્રાચીન મંદિરનું અંદાજે રૂ. ૦૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોક વાયકા મુજબ ૧૫ મી સદીમાં આ મંદિરનું ત્રણ પથ્થરના ગોખમાં દિવા- અગરબત્તી કરી માતાજીને સ્થાપના કરી હતી જેથી આ મંદિરને મીની પાવાગઢ તરીકે પ્રચલિત થયું છે. આજે રાજ્યભરમાંથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ માતાજી પર આસ્થા રાખી દર્શનાર્થે આવે છે. પ્રવેશ ભંસાલી




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી .આર. પાટિલજીની ઉપસ્થિતિમાં ભાજપા ના સક્રિય સદસ્ય બન્યા છે. આ પ્રસંગે ગુજરાત ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, સંસદ શ્રી દિનેશભાઈ મકવાણા તથા સદસ્યતા નોંધણી અભિયાન સંયોજકો શ્રી ભરત પંડ્યા, શ્રીમતી બીજલ પટેલ, શ્રી પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ અને પક્ષના પદાધિકારીઓ-અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ દ્વારા હાલ સક્રિયતા સદસ્ય નોંધણી ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે.આ ડ્રાઈવમાં આજે બુધવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સક્રિય સદસ્ય તરીકે પોતાનું નામાંકન કરાવ્યું હતું.



આજ રોજ દિવ્યપથ સ્કૂલ મેમનગર, અ' વાદ ખાતે તેમના યજમાન સ્થાને જુનિયર એડયુફેસ્ટ ૩.૦ નું ભવ્યાતિભવ્ય આયોજન કરાયેલ. જેમાં SGVP, DAV ઇન્ટરનેશનલ, SKUM, LML, સોમલલિત સ્કૂલ, જેવી જાણીતી સંસ્થાઓ ના જુનિયર સ્ટુડન્ટ્સ અને પરેન્ટ્સ ઉત્સાહથી જોડાયા હતા નર્સરી, સિનિયર અને જુનિયર કે.જી. ના બલુડાઓ ના કલરવથી વાતાવરણ ગુંજી ઉઠેલું. આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં ફેન્સી ડ્રેસ, એક્શન સોંગ, રેમ્પ વોક. કલે મોડેલિંગ, અને કલરિંગ જેવી અનેકવિધ કૌશલ્યવર્ધક સ્પર્ધા મા સરેરાશ ૫૦૦ થી વધુ ભુલકાઓએ શાનદાર પ્રદર્શન કરેલ. બાળકોના માતાપિતા પણ તેમની અભિવ્યક્તિથી બહુ પ્રભાવિત થયેલ. દરેક સ્પર્ધામાં મુખ્ય ત્રણ વિજેતા અને પ્રોત્સાહક ઈનામોનું વિતરણ કરી બાળકોની સુસુપ્ત શક્તિની કદર કરવામાં આવેલ. બાળ ભૂલકાઓને બચપણથી જ ★કળી માંથી ફૂલ★ બનવાનું પ્લેટફોર્મ પૂરું પાડનાર દિવ્યપથ સ્કૂલને અભિનંદન.

## લોક ચર્ચા કે પંચાયતે ઉઘરાણીનો વેરો જાય છે ક્યાં.?

## ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં પૂર્વપટ્ટી વિસ્તાર પીપલદહાડ ગામનાં હાટ બજારની જગ્યામાં સ્વચ્છતા અભિયાનનાં લીરે લીરા ઉડી ગયા

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં પીપલદહાડ હાટ બજારનાં સ્થળે સ્વચ્છતાના અભાવે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા હાટ બજારમાંથી જે વેરાનાં સ્વરૂપે નાણાની ઉઘરાણી કરવામાં આવે છે તેનો ઉપયોગ ક્યા કરવામાં આવે છે તેવા સવાલ સાથે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં પીપલદહાડ ગામનું હાટ બજાર ખાતે સ્વચ્છતાના અભાવે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. ગ્રુપ ગ્રામ પંચાયત પીપલદહાડ દ્વારા હાટ બજારમાં વેરાનાં સ્વરૂપે પૈસાની ઉઘરાણી



તો કરવામાં આવી રહી છે જોકે ઉઘરાણી બાદ પણ ગ્રામજનોને પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યા છે. અહી જે તે સમયે વહીવટી તંત્ર દ્વારા લાખોનાં ખર્ચે હાટ બજાર માટે દુકાનો બનાવવામાં આવેલ છે. પરંતુ આ દુકાનોમાં લાઇટની સુવિધાનો અભાવ જોવા મળે છે. ત્યારે રાત્રિના સમયે અંધારામાં લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમજ સફાઈ કર્મચારીઓને તો જાણે હાટ બજારની સફાઈ માટે સમય જ ન હોય તેમ સફાઈ કર્મચારીઓ દ્વારા સફાઇ કામગીરી જ કરવામાં આવતી નથી. તેમજ અહીં ગંદકી હોવાને કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના પણ વધવા પામી છે. તેમજ પ્રાથમિક સુવિધા જેમ કે લાઈટનો જ અભાવ હોવાથી વિકાસના કામોને લઈને લોકોમાં અનેક ચર્ચા જોવા મળી રહી છે. અને હાલમાં ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળે છે ત્યારે વરસાદના કારણે હાટ બજારનાં સ્થળે ગંદકીમાં વધારો થવા પામે છે. અને ઘણી વખત તો એટલી દુર્ગંધ આવતી હોય છે કે ત્યાંથી પસાર થવું પણ લોકો માટે મુશ્કેલ બની જાય છે.ગ્રામજનોએ આ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ત્યારે ગ્રુપ ગ્રામ પંચાયત પીપલદહાડ દ્વારા ઉઘરાવવામાં આવતા પૈસાનો ઉપયોગ હાટ બજારની સ્વચ્છતા અને અન્ય સુવિધાઓ માટે થવો જોઈએ જોકે અહીં આ નાણાંનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે તે સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે. તેમજ પ્રશ્ન એ થાય છે કે, ગ્રામ પંચાયત દ્વારા ઉઘરાવવામાં આવતા પૈસાનો ઉપયોગ ક્યાં થાય છે? શું સફાઈ કર્મચારીઓને સફાઈ માટે પૂરતો સમય નથી મળતો ? અહીં લાઇટની સુવિધા કેમ આપવામાં આવેલ નથી ? આ સમસ્યાનું નિરા

કરણ ક્યારે થશે ? વહીવટી તંત્ર પ્રજાના હિતમાં કેમ કાર્યવાહી નહીં કરે ? આવા અનેક સવાલ સાથે પંથકમાં અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે. ત્યારે આ સમગ્ર મામલાને લઈને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે અને સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે તે પણ જરૂરી બની ગયું છે.

## નિરમા યુનિવર્સિટીમાં વિધાર્થીઓ અને સ્ટાફએ ટગ ઓફ વોર, કેરમ અને ચેસમાં અસાધારણ પ્રતિભા બતાવી રોમાંચક ઈન્ટર-ઈન્સ્ટિટ્યુટ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સનું આયોજન થયું







નિરમા યુનિવર્સિટીએ તાજેતરમાં સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડના નેજા હેઠળ ઈન્ટર-ઈન્સ્ટિટ્યુટ રમતગમત ટુર્નામેન્ટની શ્રેણીનું આયોજન કર્યું હતું, જેમાં પુરૂષ અને મહિલા વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી અને સ્ટાફ સભ્યો માટે ટગ ઓફ વોર, કેરમ અને ચેસ સ્પર્ધાઓ દર્શાવવામાં આવી હતી. ૧૬મી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ યોજાયેલી ટગ ઑફ વૉર ટુર્નામેન્ટ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ દ્વારા આયોજિત કરવામાં આવી હતી અને તેમાં ITNU, IMNU, IPNU, ISNU, IAPNU, ICNU અને તરફથી સક્રિય ભાગીદારી જોવા મળી હતી. છોકરાઓની શ્રેણીમાં, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી વિજેતા તરીકે ઉભરી આવી હતી, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ રનર્સ-અપ તરીકે રહી હતી. ગર્લ્સ કેટેગરીમાં, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસીએ બીજું સ્થાન મેળવ્યું હતું. ટુર્નામેન્ટનું સંકલન ડો.વિજયકુમાર શ્રીવાસ્તવે કર્યું હતું.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સે ૧૭મી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ઈન્ટર-ઈન્સ્ટિટ્યૂટ કેરમ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું, જેમાં પુરુષ, મહિલા અને ફેકલ્ટી-સ્ટાફ કેટેગરીનો સમાવેશ થતો હતો. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના અક્ષય જૈન અને રુદ્ર શર્મા પુરુષ વર્ગમાં જીત્યા હતા, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના રિધમ ઓઝા અને ભાર્ગવ ચાવડા રનર્સ અપ તરીકે હતા. ફિમેલ કેટેગરીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ચર એન્ડ પ્લાનિંગમાંથી પિયાલી રાની અને સમીક્ષા શાહે વિજય મેળવ્યો હતો, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સમાંથી મિતી અજીર અને માહી જૈને દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ફેકલ્ટી-સ્ટાફ કેટેગરીમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના ડૉ. સમિક શોમ અને ડૉ. મયંક ભાટિયાએ ટોચનું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીના પ્રો. રોશન ટંડેલ અને પ્રો. કેતન પટેલ રનર્સ-અપ રહ્યા હતા. કાર્યક્રમનું સંકલન પ્રો.અવની શાહે કર્યું હતું.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સ દ્વારા ૧૮મી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ આયોજિત ઈન્ટર-ઈન્સ્ટિટ્યુટ ચેસ ટુર્નામેન્ટમાં, વિવિધ સંસ્થાઓના સહભાગીઓએ પ્રભાવશાળી વ્યૂહાત્મક કૌશલ્યોનું પ્રદર્શન કર્યું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના જયવિન પટેલ પુરૂષ વર્ગમાં વિજેતા તરીકે ઉભરી આવ્યા હતા, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉના અભિષેક નેનુજી રનર-અપ બન્યા હતા. મહિલા વર્ગમાં, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીની ધ્યાની દવે પ્રથમ સ્થાને છે, ત્યારબાદ તે જ સંસ્થામાંથી પરી શાહે રનર-અપ છે. ફેકલ્ટી-સ્ટાફ કેટેગરીમાં, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના પ્રો. યતિ સુશીલે ટોચનું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના ડૉ. સમિક શોમે રનર-અપ તરીકે સ્થાન મેળવ્યું હતું. આ કાર્યક્રમનું સંકલન પણ પ્રો.અવની શાહે કર્યું હતું.

આ ટુર્નામેન્ટો નિરમા યુનિવર્સિટીની સમગ્ર સંસ્થાઓમાંથી પ્રતિભાગીઓની સ્પર્ધાત્મક ભાવના અને ટીમવર્કને પ્રતિબિંબિત કરે છે, જે આ રમતગમતની ઈવેન્ટની સફળતામાં ફાળો આપે છે.

## તાજેતર માં વિકલાંગ સહાયક કેન્દ્ર, શામ સેવા ફાઉન્ડેશન, શ્રીરામ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે મહા રાસ ગરબા નું સુંદર અને અનોખું કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું



.શ્રી ખોડિયાર માતાજી મંદિર ના વિશાળ કમ્પાઉન્ડ, બાપુનગર,અમદાવાદ ખાતે એક ભવ્ય મહા રાસ ગરબા નુ સુંદર અને અનોખું કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું.જે.ખાસ દીવયાંગો અને વૃધ્ધો માટે આનંદ ખુશી મળે અને ઉત્સાં વધે એ મકસદ અને હેતુ સર આ કાર્યક્રમ રાખેલ હતો. મહા રાસ ગરબા માં દિવ્યાંગ ભાઈ બહેનો એ ખૂબ સજ્જ ધજ્જ થઈ ને આવ્યા,ગરબા ઝૂમ્યા,રમ્યા,મોજ મસ્તી સાથે જલસા કર્યા હતા.૩૫૦ માણસો ની.ભોજન ની વેવસ્થા કરી હતી,જે દિવ્યાંગ જયાં બેઠા હતા ત્યાં એમને ભોજન ડીસ અને પાણી પોહચડવામાં આવ્યું હતું જેથી કોઈ ને પણ તકલીફ ના પડે એ બાબત નો ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ઓરકેષ્ટ્રા,સાઉન્ડ સિસ્ટમ,અને કલાકારો અમદાવાદ બહાર ના બોલાવવામાં આવ્યા હતા. જેમણે પોતાના સુરીલા કંઠે ગવાયેલા ગરબા દ્વારા સ્વોતાઓ ના મન જીતી લીધા હતા.તમામ વિકલાંગો ને ખુશ કર્યા હતા. સમારંભ અધ્યક્ષ તરીકે શ્રી મગનભાઇ પટેલ,મુખ્ય મહેમાન માં, શ્રી દીનેશસિંહ કુશવાહ ,ધારાસભ્ય.બાપુનગર વિધાનસભા,શ્રી વિક્રમભાઈ રબારી ભુવાજી,શ્રી ઈસુદાન ભાઈ ગઢવી,આમ આદમી,અતિથિ વિશેષ તરીકે,શ્રીમતી મીનાક્ષબેન નાયક,મ્યુ.કા. ઘાટલોડીયા,શ્રી અંકુર ભાઈ પટેલ એમ ડી.ઝીઓન ગ્રુપ વટવા,શ્રી પીન્ટુ ભાઈ રબારી,ભુવાજી,શ્રી બળદેવ ભાઈ દેસાઈ,સામાજિક કાર્યકર,વિજય ભાઈ દેસાઈ, સામાજિક કાર્યકર, રાજુ ભાઈ ભાવસાર,વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા ,એ એમનું સાલ અને ફૂલ હાર થી સન્માન કરવામાં આવ્યું. .આવી સેવાકીય પ્રવૃતિઓ અને દિવ્યાંગો માટે સુંદર કાર્ય કરવા બદલ વિકલાંગ સહાયક કેન્દ્ર સંસ્થા ના પ્રમુખ શ્રી બાબભાઈ સાબુ વાળા ,પ્રવીણભાઈ મહેશ્ર્વરી,અને આશા બેન રબારી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.